# ઈસુ અને સમરૂનીઓ -પાકેલા ખેતરો

**ઈસુએ આજ્ઞા કરીકે આપણે સર્વ દેશના બિનઆવકાર્ય લોકોને શિષ્યો કરીએ બાળકોને શિખવનારે સ્ટડી વાંચવો.**

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ ઈસુ, અમારી મંડળીને એવા અવગણના પામેલા લોકો બતાવો કે જેઓ પાસે તમે તમારી સુવાર્તા લઈ જવા માંગો છો. અને એ પણ બતાવો કે અમારે કોને ત્યાં મોકલવા.

**૧. તમારા વિસ્તારમાં પાકી ચૂકેલા ખેતરો જોવા માટે તમારા હૃદયો તૈયાર કરો.**



**ઈસુ અને સમરૂનીઓ**

**યો.૪:૪-૨૬** વાંચો. અને આ ઘટનાની પૂર્વભૂમિકા જાણો.

**યો.૪:૨૭-૪૨** જૂઓ. જે જાતિઓમાં ખૂબ ઓછા વિશ્વાસીઓ હોય છે તેઓને પ્રભુ ઈસુ કેવી દૃષ્ટિએ જૂએ છે.

**નોંધ :** પ્રભુ ઈસુ અને તેના શિષ્યો અસ્પૃશ્ય યહુદીઓ હતા. યહુદીઓ તે દિવસોમાં સમરૂનીઓને અશુધ્ધ અને અસ્પૃશ્ય ગણતા.

નીચેની માહિતીઓ **શોધો.**

અ) કલમ **૨૭ અને ૪૦** માં પ્રભુ ઈસુ સમરૂનીઓ કે જેઓને બીજા ધિક્કારતા હતા તેમની સાથે કેવી રીતે વર્તતા ?

બ) કલમ **૩૫** પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને સમરૂનીઓને શું ગણવાનું કહ્યું ?

ક) ક.**૪૧** સમરૂનીઓ શા માટે ઈસુ પર વિશ્વાસ કરવા લાગ્યા ?

(જવાબો :-

અ) પ્રભુ ઈસુ તેમની સાથે વાત કરતા, તેમના પ્રત્યે ભલાઈ દેખાડતા, અને તેમની સાથે થોડા દિવસ રહ્યા.

બ) પાકી ચૂકેલા ખેતરો

ક) પ્રભુ ઈસુના પોતાના શબ્દોને કારણે.)

**બીજા કચડાએલા વર્ગો માટે ઈસુની અગ્રીમ આજ્ઞા**

**માત્થી ૨૮:૧૬-૨૦માં જૂઓ.**

અ) ક.૧૮ પ્રભુ ઈસુની સુવાર્તા ક્યાં જાય તેવું તેઓ ઈચ્છતા હતા ?

બ) ક.૧૯ અને ૨૦ દરેક અસ્વીકાર્ય જાતિમાં નવા વિશ્વાસીઓ માટે આપણે શું કરવું જોઈએ ?

ક) ક.૨૦ બીજી અસ્વીકાર્ય જાતિઓમાં આપણે ક્યાં સુધી સુવાર્તા લઈ જવી જોઈએ ?

(જવાબો :-

અ) દરેક અસ્વીકાર્ય જાતિઓમાં

બ) તેમને બાપ્તિસ્મા આપીને ખ્રિસ્તની આજ્ઞાઓ પાળવાનું તેમને શિખવવું જોઈએ. જેમ આપણે આપણા લોકોમાં કરીએ તે જ રીત તેમના પ્રત્યે વાપરવી જોઈએ.

ક) જગતના અંત સુધી કે પ્રભુ ઈસુ આવે ત્યાં સુધી કે આપણા મરણ સુધી.)



**ચાર જગ્યાઓ**એ દેવના લોકે સુવાર્તા લઈ જવી જોઈએ. પ્રે.૧:૬-૧૧ માં ઈસુએ પોતાના શિષ્યોને ક્યાં જવાની આજ્ઞા આપી-

અ) આપણે ક્યાં નવા વિશ્વાસીઓ બનાવવાની શરૂઆત કરવી જોઈએ ?

બ) પછી આપણે ક્યાં જવું ?

ક) તેના પછી આપણે ક્યાં જવું ?

ડ) છેલ્લે, આપણે ક્યાં જવું જોઈએ ?

(જવાબો :-

અ) યરૂશાલેમ એટલે આપણું પોતાનું શહેર અને તેમાંના અસ્વીકાર્ય લોકો.

બ) યહુદાહ એટલે બીજા શહેરોમાં આપણા સમાજના અસ્વીકાર્ય લોકો

ક) સમરૂન એટલે અન્ય અસ્વીકાર્ય વર્ગો-આપણી નજીકના

ડ) જગતના છેડા સુધી એટલે ગમે તે દેશના નકારાયેલા લોકો.

**ક્યા અસ્વીકાર્ય ગ્રુપમાં ઈસુ તેની સુવાર્તા જાય તેવું ઈચ્છે છે.**

**નોંધ**- વિદેશીઓનો અર્થ સર્વ બિનયહુદી નકારાયેલા લોકો.

**રૂમી ૧૫:૧૪-૨૧માં જૂઓ. :** અ) ક.૧૬માં અન્ય અસ્વીકાર્ય વર્ગો કેવી રીતે દેવ આગળ સ્વીકાર્ય બને છે ?

બ) ક.૧૮ અને ૧૯ બીજા અસ્વીકાર્ય જૂથોના લોકોને શિષ્યો બનાવવા માટે આપણને સામર્થ્ય ક્યાંથી મળે છે ?

ક) ક.૨૦ નવા શિષ્યો બનાવવા આપણે ક્યાં જવું જોઈએ ?



સમરુનીઓ

(જવાબોઃ-

અ) જ્યારે તો પ્રભુ ઈસુ પર વનિશ્વાસ કરે છે ત્યારે પવિત્ર આત્મા તેમને પવિત્ર કરે છે.

બ) ઈસુ પાસેથી અને પવિત્ર આત્મા તરફથી

ક) જ્યાં હજુ લોકો પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતા નથી.)

૨. **સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

તમારા ટોળાના લોકની આસપાસ રહેતા અસ્વીકાર્ય વર્ગના લોકોને શોધી કાઢો.

આવા નકારાયેલા લોકોની સેવા કરવા માટે અને તેમને સુવાર્તા આપવા માટે મંડળીએ શું કરવું જોઈએ તે માટે **પ્રાર્થના કરો.**

આવા લોકોની **મુલાકાત** લઈને તેમની ભૌતિક અને આત્મિક જરૂરિયાતોની માહિતિ મેળવો અને તેમને મિત્રો બનાવો.

બીજા દેશોમાંના આવા અસ્વીકૃત લોકો **વિષે જાણો**, તેમનો રીપોર્ટ બનાવો અને મંડળી સમક્ષ રજુ કરો.


૩. **આવનાર ભક્તિસભાનું સાથીદારો સાથે આયોજન**

કૂવા આગળની સમરૂની બાઈનું નાટક તૈયાર કરવાનું **બાળકો**ને કહો અને તેઓ તૈયાર કરેલા પ્રશ્નો બાળકોને પૂછવાનું કહો.

અઠવાડીયા દરમ્યાન થયેલ અભ્યાસનો **અહેવાલ** તૈયાર કરો.

નકારાયેલા અન્ય જાતિના લોકો માટે તેમજ તેમનામાં કાર્ય કરવા માંગતા કોઈ પણ મિશનેરી માટે પ્રાર્થના કરો. આવા નકારાયેલા લોકો માટે મંડળીને પ્રેરિતો પૂરા પાડવા માટે પવિત્ર આત્માને વિનંતી કરો જેથી મંડળી વિસ્તાર પામતી જાય.

**પ્રભુની મેજ**ની સેવા માટે યશા. ૫૨:૧૩ અને ૫૩:૬ વાંચો. સમજાવો કે ખ્રિસ્તે તેનું તારણ સર્વ દેશોના અસ્વીકૃત લોકો માટે ખુલ્લું મૂક્યું છે અને હાલમાં આપણી સાથે હજારો આવી નકારાયેલ જાતિઓના વિશ્વાસીઓ પ્રભુની મેજમાં ભાગ લઈ રહ્યા છે.



યો.૪:૩૫ **મુખપાઠ કરો** તેમાં આંખો ઊંચી કરીને ફસલો જોવાનું કહ્યું છે.

**પ્રાર્થના :** આકાશવાસી પિતા, પ્રભુ ઈસુ કે જે અમારા માટે મરણ પામ્યા અને સજીવન થયા તેમની અમે સ્તુતિ કરીએ છીએ. અમે નકારાયેલા લોકો અને અન્ય જાતિઓમાં સુવાર્તા લઈ જઈએ તેવી કૃપા થવા દો.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.